‘ભણશે ગુજરાત, આગળ વધે ગુજરાત’નાં મંત્ર સાથે શિક્ષણ પાછળ કરોડો રૂપિયાનું બજેટ

કડકડતી ઠંડીમાં ઝાડની છાયામાં અક્ષરજ્ઞાન મેળવતા બાળકો

શિક્ષણ વિભાગની ઘોર બેદરકારી અને ઉદાસીનતા

ડાંગના અંતરિયાળ ડોકપાતળમાં 135 બાળકોના પાયાની સુવિધાઓ માટે વલખા

નવી પ્રાથમિક શાળાનું નિર્માણ પ્રગતિમાં પણ જૂની શાળા તોડતા પહેલા બાળકો ક્યાં બેસશે, તેનો વિચાર આવ્યો નથી

ગિરીશ ભોયે

સાપુતારા : એક તરફ સરકાર ‘ભણશે ગુજરાત, આગળ વધે ગુજરાત’નાં મંત્ર સાથે શિક્ષણ પાછળ કરોડો રૂપિયાના બજેટ ફાળવે છે, ત્યારે બીજી તરફ ડાંગના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોને પાયાની સુવિધાઓ માટે વલખા મારવા પડી રહ્યા છે. ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાના ડોકપાતળ ગામે પ્રાથમિક શિક્ષણની જે તસવીરો સામે આવી છે તે શિક્ષણ વિભાગની ઘોર બેદરકારી અને તંત્રની ઉદાસીનતા સ્પષ્ટપણે બતાવી રહી છે. ડોકપાતળ ગામે ધોરણ 1 થી 8 ની નવી પ્રાથમિક શાળાનું નિર્માણ કાર્ય હાલ પ્રગતિમાં છે. જૂની શાળા તોડી પાડ્યા બાદ ત્યાં અભ્યાસ કરતા 135 આદિવાસી બાળકો ક્યાં બેસશે, તેનો વિચાર વઘઇ તાલુકાનાં શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો નથી. છેલ્લા ઘણા સમયથી આ માસૂમ બાળકો કડકડતી ઠંડી અને ધૂળની ડમરીઓ વચ્ચે ઝાડની છાયામાં નીચે જમીન પર બેસીને અક્ષરજ્ઞાન મેળવવા મજબૂર બન્યા છે. શાળાના મેદાનમાં વચ્ચે ગ્રીન નેટ પાથરી બાળકો બેસે છે. અહીં ન તો પીવા માટે શુદ્ધ પાણીની વ્યવસ્થા છે, ન તો શૌચાલયની સુવિધા. દીકરીઓના શિક્ષણની વાતો કરતી સરકારના આ વિસ્તારમાં બાળાઓને શૌચાલય જેવી પાયાની જરૂરિયાત માટે પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. હાલ શિયાળાની ઋતુ તેના પરાકાષ્ઠાએ છે. ડાંગ જેવા પહાડી વિસ્તારમાં સવારના સમયે તાપમાન અત્યંત નીચું હોય છે. આવી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે બેસવાથી બાળકોના આરોગ્ય પર ગંભીર અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. વાલીઓ ચિંતિત છે કે જો આ પરિસ્થિતિ લાંબો સમય ચાલશે, તો બાળકો ન્યુમોનિયા કે અન્ય બીમારીઓનો શિકાર બની શકે છે. વધુમાં, ધૂળ અને પવનને કારણે શિક્ષણ કાર્યમાં સતત વિક્ષેપ પડે છે, જેથી બાળકોની એકાગ્રતા પણ જોખમાઈ રહી છે.

શિક્ષણનો દીવો પ્રજ્વલિત રાખવા શિક્ષકોની મથામણ

સ્થાનિક ગ્રામજનો અને વાલીઓએ વઘઇ તાલુકાનાં ટી.પી.ઈ. ઓ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, શાળાનું નવું મકાન બનવાનું હોય ત્યારે અગાઉથી જ કોઈ ખાનગી મકાન ભાડે રાખવું જોઈતું હતું અથવા અસ્થાયી શેડ બનાવવો જોઈતો હતો. વઘઇ તાલુકાનાં પ્રાથમિક શિક્ષણ અધિકારી અને શાળાનાં મુખ્ય શિક્ષકની આળસને કારણે આજે અમારા બાળકો અમાનવીય સ્થિતિમાં ભણી રહ્યા છે. વાલીઓને ડર છે કે સુવિધાના અભાવે બાળકો શાળાએ જવાનું છોડી દેશે, જે આદિવાસી વિસ્તારમાં ડ્રોપ-આઉટ રેશિયો વધારી શકે છે. શિક્ષકો પણ લાચાર છે. પૂરતા બ્લેકબોર્ડ, બેસવા માટે પાટલી કે પંખા જેવી લક્ઝરી તો દૂરની વાત છે, પણ માથે છત પણ ન હોવા છતાં તેઓ મર્યાદિત સાધનો સાથે શિક્ષણનો દીવો પ્રજ્વલિત રાખવા મથામણ કરી રહ્યા છે.

બાળકોની સુરક્ષા સાથે ચેડા કરનારા સામે કાર્યવાહી કરાશે

ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિજય દેશમુખે જણાવ્યુ હતુ કે વઘઇ તાલુકાની ડોકપાતળ શાળાનું મકાન નિર્માણાધીન હેઠળ છે. જેમાં શાળાનાં ઓરડા તોડતા પહેલા બાળકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જવાબદારી જે તે શાળાનાં મુખ્ય શિક્ષક અને એસએમસીની હોય છે. જો વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો શાળાનાં ઓરડા તોડવાની મંજૂરી અમે જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગમાંથી આપતા નથી. જેથી બાળકોની સુરક્ષા સાથે ચેડા કરનાર જવાબદાર મુખ્ય શિક્ષક સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચીખલીના સુંઠવાડમાં દીપડાના વધતા જતા હસ્તક્ષેપથી લોકોમાં ફફડાટ

સુંઠવાડમાં રાત્રિના સમયે બે દીપડાએ કોઢારામાં બાંધેલા ત્રણ વાછરડા ઉપર હુમલો કર્યો

ચળભળ થતા પશુપાલકે બુમાબુમ કરતા બંને દીપડા ભાગી ગયા


ધર્મેશ પટેલ

ધેજ : ચીખલીના સુંઠવાડ ગામે રાત્રિ દરમિયાન રહેણાંક વિસ્તારમાં બે દીપડાએ ઘસી આવી ત્રણ વાછરડા ઉપર જીવલેણ હુમલો કરતા પશુપાલકો સહિત સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ચીખલી પંથકમાં વન્યજીવોના રહેણાંક વિસ્તારોમાં વધતા જતા હસ્તક્ષેપને કારણે સ્થાનિકોમાં તેમજ પશુપાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

મળતી માહિતી અનુસાર તાલુકાના સુંઠવાડ ગામના ભીખા ફળીયામાં રહેતા પશુપાલક હસમુખભાઇ ખાલપભાઇ પટેલના ઘરની પાછળ કોઢારામાં પશુઓ ઉપર મંગળવારની રાત્રિના સમયે બે દીપડાઓ ઘસી આવી કોઢારામાં બાંધેલા બે વાછરડા અને એક વાછરડી ઉપર હુમલો કરતા ગળાના ભાગે, થાપામાં પગના ભાગે તથા પેટના ભાગે ગંભીર ઇજા થઇ હતી. જેને પગલે સમગ્ર વિસ્તારમાં દહેશતનું વાતાવરણ સર્જાયું છે.

જોકે કોઢારામાં ઘુસી મોડી રાત્રિના ત્રણેક વાગ્યા સુધી વાછરડાને બાનમાં લીધા હતા. રાત્રિના સમયે ચળભળ થતા પશુપાલક જાગી જઇ કોઢારા પાસે જઈ જોતા બુમાબુમ કરતા બંને દીપડાઓ ત્યાંથી ભાગી ગયા હતા. આજે વન વિભાગ દ્વારા સૂથવાડ ગામે ભીખા ફળિયામાં પાંજરુ ગોઠવવામાં આવ્યુ હતુ. ચીખલી વન વિભાગના વનકર્મીઓની ટીમ તાત્કાલિક સુંઠવાડ ખાતે ઘસી જઇ સ્થળ નિરીક્ષણ કરી પાંજરું ગોઠવી પશુપાલકને થયેલા નુકસાન અંગે વળતરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કલવાડાની મોટી નહેર પર લટાર મારતો દીપડો

વલસાડ : વલસાડ તાલુકાના કલવાડા ગામમાંથી પસાર થતી મોટી નહેરના સ્ટ્રક્ચર પર એક કદાવર દીપડો લટાર મારતો નજરે પડ્યો હતો. દીપડાની આ હિલચાલ કોઈ સ્થાનિક વ્યક્તિ દ્વારા કેમેરામાં કેદ કરી લેવામાં આવી હતી, જેનો વિડીયો હાલ વાયરલ થયો છે. વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે દીપડો નહેરની પાળ પર ચાલી રહ્યો છે. થોડા સમય અગાઉ નજીકના ઘનોરી ગામમાં પણ દીપડાએ એક શ્વાન (કૂતરા)નું મારણ કર્યું હતું. હવે કલવાડામાં સાંજના સમયે દીપડો દેખાતા લોકો ફફડી ઉઠ્યા છે. ગ્રામજનોની માંગ છે કે વન વિભાગ તાત્કાલિક ધોરણે અહીં પાંજરું ગોઠવે અને દીપડાને પકડીને જંગલ વિસ્તારમાં છોડી આવે.

નવસારી હાઇવે પાસે કન્ટેનર પૂર્ણા નદીમાં ખાબક્યું

■ નવસારી : નવસારી નજીક નેશનલ હાઈવે નં. 48 પર ધારાગીરી ગામ પાસે આજે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી મુંબઈ તરફ જઈ રહેલું એક કન્ટેનર અચાનક કાબૂ ગુમાવતા સર્વિસ રોડ પરથી સીધું પૂર્ણા નદીમાં ખાબકી ગયું હતું. થોડી જ વારમાં નવસારી ફાયર વિભાગની ટીમ પહોંચી હતી. ફાયર ફાઈટરો દ્વારા સ્થાનિક લોકોની મદદથી કન્ટેનરમાં ફસાયેલા ડ્રાઈવર અને ક્લીનરને બહાર કાઢવામાં આવ્યા હતા. બાદમાં બંનેને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંનેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્ય પોલીસ મથકના અધિકારીઓના જણાવ્યા મુજબ વહેલી સવારે ડ્રાઈવરને ઝોકું આવી જતાં અકસ્માત થયો હોવાની શક્યતા છે. પોલીસે ઘટનાની નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

જલાલપોરમાં કૃષિ યુનિ.ના ગેટ પર હત્યા

ગેટ ખોલવા મુદ્દે થયેલી બોલાચાલીમાં ચોકીદારનો ઘાતક હૂમલો, એકનું મોત

નવસારી : જલાલપોર તાલુકામાં આવેલી કૃષિ યુનિવર્સિટીની ખેતીવાડી કોલેજ ખાતે ગેટ ખોલવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી જીવલેણ બની જતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. આ ગંભીર ઘટનાને લઈને જલાલપોર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ તારીખ કૃષિ યુનિવર્સિટી, ખેતીવાડી કોલેજના ફાર્મ નંબર-૩, બ્લોક-સી, LRS વિભાગની એગ્રીકલ્ચર બાઉન્ડ્રી પાસે, પુર્ણેશ્વર મંદિર તરફના ગેટ પર આ બનાવ બન્યો હતો. મૃતક દિપક ચૌધરી ચીજવસ્તુઓ અને શાકભાજી લેવા માટે ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે ગેટ પર ચોકીદાર ગૌરવ પટેલ સાથે ગેટ ખોલવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અને આરોપીએ કોઈ તીક્ષ્ણ હથિયાર વડે દિપકભાઈ પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે દિપકભાઈનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હુમલો કર્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.આ ઘટનાની ફરિયાદ મૃતકના ભાઈ પંકજભાઈ સુમનભાઈ ચૌધરીએ જલાલપોર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ કૃષિ યુનિવર્સિટી પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગૌહત્યા માટે મદદ કરવા દબાણ કરી યુવાનને માર મારવાનો આક્ષેપ

જિલ્લાના ડાભેલમાં હળપતિ સમાજના યુવાનને માર મારવામાં આવતા સમાજના આગેવાનોની પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત

નવસારી : નવસારી જિલ્લાના ડાભેલ ગામમાં હળપતિ સમાજના એક યુવાન પર ગૌહત્યા માટે મદદ કરવા દબાણ કરાયું હોવાનો અને ઈનકાર કરતાં તેને માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ સાથે હળપતિ સમાજના આગેવાનોએ નવસારીના પોલીસ અધિક્ષકને રજૂઆત કરી કાર્યવાહીની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ હળપતિ યુવાને ગાયોને કાપવામાં મદદ કરવાની વાતને નકારી હતી. ત્યારબાદ યુવાનને જાતિ વિષયક ગાળો બોલી અપમાનિત કરી માર મારી જાનથી મારી નાખવાની કોશિશની ફરિયાદ કરવામાં આવી છે.

સમાજના આગેવાનોનું કહેવું છે કે આ માત્ર વ્યક્તિગત ઝઘડો નહીં પરંતુ ગંભીર ગુનાનો મુદ્દો છે, જેમાં જાતિ આધારિત અપમાન અને હિંસા સામેલ છે. તેમણે જવાબદારો સામે હત્યાની કોશિશ સહિત લાગુ પડતી કડક કલમો હેઠળ ગુનો દાખલ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

પોલીસમાં એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

નવસારી : ડાભેલગામ ખાડી ફળીયાના પુલ પાસે આ ઘટના બની હતી. ફરિયાદી હિપકભાઈ કાળીદાસ રાઠોડ (ઉમર ૨૭, વ્યવસાયે મજૂર, રહે. ડાભેલગા ખાડી ફળીયું, જલાલપોર), તેમના જણાવ્યા અનુસાર આરોપી હસન મહમદ એકલવાયા, હુસૈન શોકત એકલવાયા તથા એક અજાણ્યા ઈસમે જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરીયાદીને કુહાડીના હાથા તેમજ મુક્કાઓ વડે મારમાર કર્યો હતો. આ હુમલામાં ફરીયાદીના ડાબા પગના ઘુંટણના પાછળના ભાગે ફ્રેક્ચર સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચી હોવાનું જણાવાયું છે. આ બનાવ અંગે મરોલી પોલીસે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કેસની તપાસ એસ.ટી./એસ.સી. સેલના નાયબ પોલીસ અધિક્ષક દ્વારા હાથ ધરવામાં આવી છે અને આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે.

ડાંગ જિલ્લા સાયબર ક્રાઇમે કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ આચરનાર બેને ઝડપી પાડ્યા

સાપુતારા : ડાંગ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે કરોડોનાં સાઈબર ફ્રોડ ગુનામાં સંડોવાયેલા ઈન્ટરનેશનલ દુબઈના સાયબર માફિયાઓની ધરપકડ કરી છે. આહવા સાયબર ક્રાઈમમાં ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગૃપ દ્વારા ફરીયાદી પાસેથી ઈન્વેસ્ટમેન્ટ કરાવી સારો નફો આપવાની લોભામણી લાલચ આપેલી હતી. જે ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પી.આઈ. આર.એસ.પટેલે ટેક્નિકલ સોર્સની મદદથી સાયબર ફ્રોડના રૂપિયા સુરતથી દુબઈમાં USDT (ક્રિપ્ટો બાયનાન્સ) માં ટ્રાન્સફર કરનાર સાયબર માફિયાઓ ગૌરવ કાકડીયા (રહે-અમરોલી -સુરત) અને (2) ચેતન ગાંગાણી(રહે -કામરેજ,સુરત) ની ધરપકડ કરી છે. ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ પી.આઇ.આર.એસ. પટેલની ટીમે આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ પી.આઈ. આર.એસ. પટેલ કરી રહ્યા છે.

દમણમાં પર્યટકો પાસે લાખોનો તોડ કરનારા નવ પોલીસ કર્મીના જામીન રદ

પોલીસનું કાર્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે ત્યારે પોલીસ જ ગુનો આચરે તો લોકોનો વિશ્વાસ ઘટી જાય છે : કોર્ટ

દમણ : સંઘપ્રદેશ દમણ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ સહિતના નવ પોલીસ કર્મીની જામીન અરજી ફરી હાઈકોર્ટે ફગાવી દીધી છે. ગત ઓગસ્ટ મહિનામાં બારડોલીના મોતા ગામના આજેશ પટેલ તેના સાથી મિત્રો સાથે દમણ ફરવા અર્થે આવ્યા હતા. જે બાદ તેમણે ભીમપોરના એક વાઈન શોપમાંથી દારૂ બીયરનો જથ્થો લીધા બાદ ફાર્મ હાઉસ ખાતે જતા હતા. ત્યારે તેમને દમણ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા રસ્તામાં રોકી કારમાં તપાસ કરી દારૂ મળી આવતા ધમકાવી પોલીસ મથકે લઈ આવ્યા હતા. જે બાદ ડરાવી ધમકાવી તેમની પાસેથી 25 લાખ રૂપિયાની માંગણી કરી હતી. બાદમાં 10 લાખમાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. જે પૈકી 7 લાખની વસુલાત ફરિયાદી પાસેથી કરવામાં આવી હતી. આ અંગે ફરિયાદી દ્વારા દમણ પોલીસ કંટ્રોલ રૂમ પર ફોન કરતા કૈયા પોલીસ મથકે પીએસઆઈ સહિત નવ પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો. બાદમાં આરોપી પોલીસ કર્મીઓ દ્વારા દમણ સેશન્સ કોર્ટમાં અરજી કરાઈ હતી તેને ફગાવી દેવામાં આવી હતી. ગતરોજ મુંબઈ હાઈકોર્ટમાં દાખલ થયેલી જામીન અરજી સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણીમાં કોર્ટે જણાવ્યું કે, પોલીસનું કાર્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું અને લોકોની સુરક્ષા કરવાનું હોય છે. ત્યારે પોલીસ દ્વારા જ આ પ્રમાણેનો ગુનો આચરાતા ન્યાય પ્રણાલીની વિશ્વસનીયતા, જન વિશ્વાસમાં ઘટાડો થાય છે, સાથે કાનૂની કાર્યવાહીનું ન્યાયસંગત સ્વરૂપને નુકસાન પહોંચાડે છે. કોર્ટે નોંધ્યું કે, આરોપી પોલીસ કર્મીઓએ ફોનમાંથી ડેટા ડિલીટ કરીને પુરાવાઓ નષ્ટ કર્યા છે. જો જામીન મળે તો, બહાર નીકળી સાક્ષીઓને ધમકાવી શકે તેવી શક્યાતાઓ વર્તાઈ રહી છે. જે જોતા હાઈકોર્ટે જામીન નામંજૂર કર્યા છે.

બીજો પ્રયત્ન
ગુજરાત સરકાર
સર્પ સંશોધન સંસ્થાન
ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન
જાહેર નિવિદા નં.૭ સને ૨૦૨૫-૨૬

આથી, રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓને જણાવવાનું કે, ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળની સર્પ સંશોધન સંસ્થાનમાં ચાલુ વર્ષ દરમ્યાન રૂા.૫.૦૦ લાખથી ઓછી રકમના છૂટક બાંધકામોની કામગીરી માટે ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડર તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ થી તા.૦૯/૦૧/૨૦૨૬ સુધીમાં ડાઉનલોડ કરી ભરી શકાશે. ભરેલ ટેન્ડર તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે મોકલવાના રહેશે. સદર ટેન્ડરની વધુ વિગતો વેબ સાઈટ www.tender.nprocure.com પર જોવા મળશે.

કચેરીનું નામ અને સરનામું:- નિયામકશ્રી, સર્પ સંશોધન સંસ્થાન અને નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ ઉત્તરની કચેરી, જીલ્લા સેવા સદન-૨, પહેલો માળ, તિથલ રોડ, વલસાડ ફોન નં. ૦૨૬૩૨-૨૫૪૧૫૧.

વલસાડ
તા. ૧૭/૧૨/૨૦૨૫
નં. માહિતી/વલસાડ/૭૨૧/૨૦૨૫

નિયામક
સર્પ સંશોધન સંસ્થાન
અને નાયબ વન સંરક્ષક
વલસાડ ઉત્તર

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઇ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૯૨૫/૨૫-૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૫	૩,૭૬,૯૭,૩૯૨/-
૨	૯૨૬/૨૫-૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૧	૧,૦૦,૦૦,૦૦૦/-
૩	૯૨૭/૨૫-૨૬	પાણી પુરવઠા શાખા	૦૪	૨,૮૦,૦૦,૦૦૦/-
૪	૯૩૪/૨૫-૨૬	ટ્રસ્ટ શાખા	૦૧	૨૫,૪૭,૭૦૦/-
૫	૯૩૫/૨૫-૨૬	ટ્રસ્ટ શાખા	૦૧	૨૫,૪૭,૭૦૦/-
૬	૯૩૬/૨૫-૨૬	પાણી પુરવઠા વિતરણ	૦૨	૨,૧૫,૦૦,૦૦૦/-
૭	૯૩૯/૨૫-૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૧	૪૩,૩૫,૧૪૨/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૯૪૧/૨૦૨૫-૨૬ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

Surat Municipal Corporation
Public Parks & Garden Department
E-Tender (ON LINE) Notice No. Add.C.E & I/C C.E./PPG/10/2025-26.

Tenders are invited for various works of online on https://smctender.nprocure.com from Government approved experienced /registered contractors with following schedule.

No. of Work	06
Total Estimated cost of Tender	71.03 Lacs

The detail tender notice will be made available on website https://smctender.nprocure.com

No.P.R.O./523/2025-26
Date: 17/12/2025

I.C. City Engineer
Public Parks & Garden
Surat Municipal Corporation

બેંક ઑફ ઇંડિયા BOI
Bank of India
રામપુરા શાખા : ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક રામપુરા, સુરત–૩૯૫૦૦૩. **મો.:** +૯૧ ૯૯૬૯૮ ૬૨૭૭
Email : Rampura.surat@bankofindia.bank.in

કબ્જા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩.** સુરતના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૩૦/૦૯/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા (દેવાદાર) શ્રી નીતીનકુમાર પરબતભાઈ અજુડીયા** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર / જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩(૪) રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો **તા.૧૬ મી ડિસેમ્બર સને ૨૦૨૫** ના રોજ સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર / જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩.** ની રકમ **રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો નુ ધ્યાન દોરવાનુ કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

મકાન અને તેની સંપૂર્ણ જમીન કે જે ૭૯,ક્રિખ્ના પાર્ક સોસાયટી છાપરાભાઠા રોડ, સુરત–૩૯૫૦૦૫, માપ એરીયા ૪૧.૨૬ ચો.મીટર શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા ના નામે આવેલ છે. **જેની એસએટ આઈ ડી ૨૦૦૦૦૭૧૦૧૮૬૬ સીકયુરીટી આઈ ડી–૪૦૦૦૦૭૧૧૦૮૫૩.**

ચતુર્દિશા	દસ્તાવેજ મુજબ	સાઈટ મુજબ
પૂર્વ તરફ :	સોસાયટી નો આંતરીક રોડ	સોસાયટી નો આંતરીક રોડ
પશ્ચિમ તરફ :	જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બી–બ્લોક નં. ૧૨૦	જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બ્લોક નં. ૧૨૦
ઉત્તર તરફ :	પ્લોટ નં. ૭૮	પ્લોટ નં. ૭૮
દક્ષિણ તરફ :	પ્લોટ નં. ૮૦	પ્લોટ નં. ૮૦

તા. ૧૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા,
રામપુરા શાખા

આમોદ નગરપાલિકા-આમોદ
જાહેર ટેન્ડર નિવિદા

આથી આમોદ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી દ્વારા UDP -88 વર્ષ 2025-26 અને SJMMSVY-આગવી ઓળખ યોજના, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શેહેરી સડક યોજના અને MLA ગ્રાન્ટ હેઠળના નીચે જણાવેલ કામો માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

અ.નં.	કામની વિગત	અંદાજીત રકમ
૧	આમોદ નગરપાલિકા વિસ્તારમાં મોટું તળાવ પાસે શેડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન)	૩૫,૫૩,૦૦૦/-
૨	આમોદ નગરપાલિકા વિસ્તારમાં મોટું તળાવ પાસે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન)	૨૪,૯૧,૨૬૯/-
૩	આમોદ નગરપાલિકા વિસ્તારમાં સ્ટોમ વોટર ડ્રેન બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન)	૪૯,૬૭,૪૦૦/-
૪	આમોદ નગરપાલિકા વિસ્તારમાં રોડ રીસર્ફેસીગ કામ. (ચોથો પ્રયત્ન)	૪૨.૪૨ લાખ
૫	કોમન સર્વિસ સેન્ટર બનાવવાનું કામ. (બીજો પ્રયત્ન)	૪,૯૭,૧૧૨/-
૬	ગુજરી હાર્ટ બનાવવાનું કામ (બીજો પ્રયત્ન)	૬,૯૯,૩૦૦/-

ઉપરોક્ત કામે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. પ્રસ્તુત કામના ડોક્યુમેન્ટ તથા વધુ વિગતો વેબ સાઇટ www.nprocure.com તથા www.statetenders.gujarat.gov.in વેબ સાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર ઓન લાઇન ડાઉનલોડની છેલ્લી તા